હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમને તો ખાલી મંત્રી નાખતા આવડે જંત્રીના પ્રોબ્લેમ માટે સરકાર પાસે જાવ...!!

રૂપાલ - સોનીપુર માર્ગ પર ત્રણ બાઈક ટકરાતાં ત્રણ યુવકના મૃત્યું : ત્રણને ઈજા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના રૂપાલ થી સોનીપુર જતા માર્ગ પર ગઈરાત્રીના સમયે ત્રણ બાઈક ધડાકાભેર ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ત્રણ યુવકોને ગંભીર ઈજા પહોંચતા કરૂણ મૃત્યુ નિપજયા હતા. જયારે ત્રણ યુવકોને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખેસડાયા હતા. યુવકોની ચીસોથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. બનાવ સ્થળે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ ખસેડાયા હતા.જયારે પેથાપુર પોલીસે બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સોનીપુર ગામે ૨૪ વર્ષિય સાહિલ અમરતજી ઠાકોર પરિવાર સાથે રહે છે. જયારે સાહિત ખેતી અને ફેબ્રીકેશનનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૫ ના રોજ બપોરના આશરે બે વાગ્યાના સુમારે સાહિલ અને શૈલેશજી ઠાકોર અને સાધુભાઈ સાથે બાઈક નં. જી.જે. ૧૮.ડી. આર.૦૦૫૬ લઈને ચાંદીસણા ખાતે ખેતરમાં પાણી વાળવા માટે ગયા હતા. રાત્રે આશરે સાડા દશ વાગે પાણીવાળીને રૂપાલ થઈને પરત સોનીપુર પરત ફરી રહ્યા હતા. તે સમયે શૈલેશજી બાઈક ચલાવતો હતો તેની પાછળ સાહિત તેમજ સાધુભાઈ બેઠા હતા. ત્યારે રાત્રીના સમયે સોનીપુર ગામ તરફથી બે બાઈક્ આવી રહ્યા હતા. જે પૈકીના એક બાઈક ચલાકે આગલ જતા ઓવરટેક કરી હતી. જેથી સામેથી આવતા બાઈક સાથે અકસ્માત ન સર્જાય તે માટે શૈલેષજી ઠાકોરે પ્રયાસ કર્યો હતો. તે સમયે અચાનક ત્રણેય બાઈક ધડાકાભેર રાત્રીના અંધકારમાં ટકરાયા હતા. ત્રણ બાઈક પર સવારો યુવકો નીચે પટકાયા હતા. અકસમાતને પગલે સુમસામ માર્ગ પર યુવકોની ચીસોથી ગુંજી ઉઠ્યો હતો. બનાવ સ્થળ પર તાત્કાલીક સ્થાનીક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે ૧૦૮ ને કોલ મળતા પહોંચી જતા ઈજાગ્રસ્તોને સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન જાણ થઈ કે મિત્ર શૈલેષજી રાજેશજી ઠાકોર, તેમજ સામેવાળા બાઈક ઉપર સવાર અશોકજી જવાનજી ઠાકોર, અને કાળુજી ચતુરજી ઠાકોર (બંન્ને રહે ગોલથરા) ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ નિપજયું હતું. જયારે વિપુલ હસમુખજી ઠાકોર તેમજ પ્રવિણજી ઠાકોરને ઈજાઓ પહોંચતા સઘન સારવાર હેઠળ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વિજ્ઞાન ગુર્જરી-વિક્રમ સારાભાઈ એવોર્ડ

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રિયકક્ષાએ કાર્યરત અને વિજ્ઞાન વિકાસ માટે મથતી એવી સંસ્થા 'વિજ્ઞાન ભરતી'ના ગુજરાતપ્રાંત એકમની સંસ્થા 'વિજ્ઞાન ગુર્જરી' દ્વારા આ વર્ષે 'ગુજરાત વિજ્ઞાન સંમેલન-૨૦૨૩'નું આયોજન તા. ૧૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ સંમેલનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને રૂચિ કેળવાય તે માટેનો છે. આ સંમેલનમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોને લગતી કુલ ૧૦ જેટલી ઓનલાઈન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ ઓફલાઈન વર્કશોપ અને કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળાકક્ષા, કોલેજ કક્ષા કે યુનિવર્સિટી કક્ષાના કોઈપણ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. દરેક સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને પારિતોષિક અને સર્ટિફિકેટથી નવાજવામાં આવશે

મોબાઈલ ટાવરમાંથી કાર્ડ ચોરી નેટવર્ક ખોરવનાર આરોપી ઝડપાયો

પોલીસે ૧૯ કાર્ડ અને ગાડી મળી કુલ રૂ.૬.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, અડાલજ અને વટવા વિસ્તારના ટાવરમાંથી કાર્ડની ચોરી કરી હતી

ગાંધીનગર,તા.૬

ગાંધીનગરના અડાલજ અને અમદાવાદના વટવા વિસ્તારમાંથી મોબાઈલ ટાવરમાંથી એબીયા કાર્ડની ચોરી કરી નેટવર્ક ખોરવી દેનાર શખ્સને એલસીબી પકડી પાડ્યો છે. પોલીસે શખ્સ પાસેથી ૧૯ કાર્ડ કબ્જે કરી રૂ.૬.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના વેજલપુર ખાતે રહેતા જીતેન્દ્રકુમાર લાલજીભાઈ પરનાલીયા આર.એસ.સિક્યુરીટીમાં ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપનીના સલામતી જવાનો ઈન્ડસ મોબાઈલ ટાવરની દેખરેખ માટે પેટ્રોલીંગ કરતા હોય છે. આજથી પાંચ દિવસ અગાઉ જીતેન્દ્રકુમારને જાણળા મળ્યું હતુ કે એસ.પી.રીંગરોડ પર આશિર્વાદ હોસ્પિટલની બાજુમાં આવેલા ઔડાના ઓપન પ્લોટમાં આવેલા ઈન્ડસ મોબાઈલ ટાવરનું નેટવર્ક ઠપ થઈ ગયું છે.

જેથી તેઓ તાત્કાલીક દોડી જઈને તપાસ કરતા એરટેલ કંપનીના બી.ટી.એસમાંથી બે નંગ એબીયા(એબીઆઈએ) કાર્ડની ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. જે અંગે ફરીયાદ પણ અડાલજ પોલીસ મથકે નોંધાઈ હતી. જેથી એલસીબી પીઆઈએ સ્ટાફના વ્યકિતઓને તપાસ માટે સુચના આપી હતી.

જેને પગલે પોલીસ જવાન રાજવીરસિંહને બાતમી મળી હતી કે દિનેશ રાજેશકુમાર યાદવ (રહે વટવા મુળ રહે રાજસ્થાન) ની પકડી પાડી તેની કડક પુછતાછ કરતા તેણે કબુલાત કરી હતી કે એરટેલ કંપનીના પેટા કોન્ટ્રાકટમાં કામ કરતી વાયરલેસ ટેલીઈન્ફ્રા પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં નોકરી કરે છે.

અત્યાર સુધીમાં અડાલજ તેમજ વટવા વિસ્તારમાં આવેલા ૧૯ મોબાઈલ ટાવરમાંથી ૧૯ નંગ એબીયા કાર્ડની ચોરી કરી છે. આરોપી પાસેથી પોલીસે ૧૯ નંગ કાર્ડ તેમજ કાર મળી કુલ રૂ.૬.૯૧લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગુનાઓનો ભેદ ઉકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આઈએઆર યુનિવર્સિટીમાં બેઝિક લાઈફ સેવિંગ સ્કીલ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૬

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી યુનિવર્સિટીના તમામ શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓ માટે પ્રાથમિક સારવાર અને સીપીઆર પર એક દિવસીય તાલીમ યોજવામાં આવી હતી. ડૉ. મનીષ પરમારે રજીસ્ટ્રાર, આઈએઆઈ એ તાલીમ સત્રનું ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે નરેશભાઈ ગોહિલ, મનીષાબેન સોલંકી અને તમામ સહભાગીઓને આવકાર્યા હતા. તાલીમમાં પ્રાથમિક સારવારના ઉદ્દેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સીપીઆર કેવી રીતે કરવુ, બેભાન અને શ્વાસ લેતી દુર્ઘટનાની સારવાર કેવી રીતે કરવી, ગૂંગળામણ, જીવલેણ માર્ગ

અકસ્માત દરમિયાન કેવી રીતે મદદ કરવી, જીવન બચાવાવની વિવિધ તકનીકો દર્શાવી હતી. યુનિવર્સિટીના તમામ શિક્ષણ અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ તેમાં સક્રિય ભાગ લીધો હતો અને તેઓએ વ્યક્ત કર્યુ હતુ કે આ વર્કશોપ તેમના માટે કટોકટીની પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે ખૂબ જ ઉપયોગી થશે. આ તાલીમ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા સુવિધાયુક્ત નિષ્ણાતોની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમનું એન્કરીંગ કુ. દિવ્યા દિલીપ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. ત્વરીત પટેલ, પાર્થ જાની, હાર્દિકભાઈ અને રિશિત દ્વારા સપોર્ટ આપવામાં આવ્યો હતો. ધનંજય પાલ દ્વારા આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં લોકો બેવડી ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. દિવસે ગરમી અને રાત્રિના સમયે ઠંડીનો માહોલ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આજે યોજાયેલ ઓરિએન્ટેશન વર્કશોપમાં ચૂંટાયેલા સભ્યોની પાંખી હાજરી એ ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવી છે. સમિતિઓના ચેરમેનોએ પણ હાજરી આપવાનું ટાળ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં પપ તલાટીઓને ઓછી વેરા વસુલાતને પગલે અપાયેલ નોટીસો બાદ વેરાની આવકમાં ધીમી ગતિએ વધારો થયો છે. આજથી પંચાયતમાં આ અંગે સમીક્ષા બેઠક શરૂ થઈ રહી છે.
- દહેગામ તાલુકાના બારડોલી ગામની સીમમાં નર્મદા કેનાલ પર બે બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં એક યુવાનનું મોત થયુ છે. આ યુવક તેની મંગેતરને લઈ જઈ રહ્યો હતો ત્યારે ભાવિ પતિનું મોત નજર સમક્ષ થતાં યુવતી આઘાતમાં ગરકાવ થઈ ગઈ છે.
- ગાંધીનગર પોલીસ દ્વારા બેંકોના લોન મેળા વ્યાજના વિષચક્રમાંથી લોકોને બચાવવાનું આયોજન હાથ ધરાયુ છે.
- દહેગામ-નરોડા હાઈવે પર હવે રેડિયમ લાઈટ્સ વાળા બોર્ડ અકસ્માત રોકવાનું કામ કરશે. તંત્રએ અકસ્માત નિવારણ અંગે નવતર અભિગમ અપનાવ્યો.
- આગામી ૧૦મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે ભરતીમેળાનું આયોજન કરાયુ છે.
- ગુજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા એન.એસ.એસ.ના સ્વયંસેવકોને રોડ સેફ્ટીની તાલિમ અપાઈ હતી.
- રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા પુષ્ય નક્ષત્રને લઈ ૧૦૦ બાળકોને સુવર્ણપ્રાશન અપાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ વધી રહી છે.
- સેક્ટરોમાં મુકાયેલી જાહેર કચરા પેટીઓ કેટલાક વિસ્તારોમાંથી ખસેડી લેવાતા રોડ પર કચરો ઠાલવવામાં આવી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાંચાલી રહેલા ખોદકામને લઈ વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- કલોલ પોલીસે સેરીસા ગામે ગોગાવાસમાં દરોડો પાડી ૮૧ બોટલ દારૂ પકડી પાડ્યો છે.
- દહેગામની શિવશક્તિ સોસાયટીના કુવામાં પડેલ ગાયનું રેસ્ક્યુ કરાયું.
- અડાલજ પોલીસે વિદેશી દારૂની ૪૫ બોટલ સાથે એક બુટલેગરને ઝડપી લીધો છે.

દહેગામમાં અપહરણકર્તાઓથી વેપારીએ છુટકારો મેળવ્યો

ગાંધીનગર,તા.૬

ગાંધીનગરના દહેગામમાં નહેરુ ચોકડી પાસે આવેલી કિષ્ના ઈલેક્ટ્રીક દુકાન પર બે શખ્સો ગત તા.૨ ફેબુઆરીના રોજ આવ્યા હતા. વેપારીને શખ્સોએ અમદાવાદથી આવ્યા હોવાની વાત કરી હતી અને જણાવ્યું કે અમારે વડોદરા ગામની બાજુમાં બોર છે અને મોટર બગડી છે. તેથી રીપેર કરી આપો.વેપારી તે શખ્સોએ આપેલા સરનામે પહોંચ્યો હતો.ત્યારબાદ શખ્સો વેપારીને અવાવરુ જગ્યાએ લઈ જઈ શરીરે છરી મુકી રૂ.૧ કરોડની માંગ કરી હતી. અપહરણકર્તાઓએ કહ્યું કે તમને મારી નાંખવા માટે રૂ.૧ કરોડની સોપારી આપી છે. જયારે રૂપીયા નહી મળે તો તેમને કેનાલમાં ફેંકી દઈશુ તેવી ધમકી આપતા વેપારી ગભરાઈ ગયો હતો.

મળતી વિગત મુજબ ત્યારે વેપારી પ્રવિણભાઈએ સમગ્ર કેસ અંગે જણાવ્યું હતું કે ગત તા.૨ ફેબુઆરીના રોજ બે વ્યકિત દુકાને આવ્યા હતા. વડોદરા પાટીયા પાસે બતાવેલી જગ્યા પર મોટર રીપેર કરવા ગયા હતા.

તે સ્થળ પરથી અજાણી જગ્યાએ લઈ જઈને છરી બતાવી રૂ.૧ કરોડની માંગ કરી હતી. વેપારીની સોપારી આપવાની વાત કરી હતી.જેથી વેપારીએ મિત્રો અને તેમના બાઈઓને પોન કરી કહ્યું હતું કે હું જમીનના સોદામાં બેઠો છું. અને મારે રૂ.૫૦ લાખની જરુર છે.

મારા ભાણીયાને પણ ફોન કર્યો હતો.

જેથી ગણતરીના કલાકમાં રૂપીયા એકઠા થઈ ગયા હતા. રૂ.૫૦ લાખ દુકાને આપવા માટે જણાવ્યું હતું

અને એક અપહરણકર્તા દુકાને જઈને રૂપીયા લઈ આવ્યા પછી વેપારીને છોડી દીધા હતા. ત્યારબાદ સોમવારના રોજ રૂ.૫૦ લાખ માટે ફરીવાર અપહરણકર્તાનો ફોન આવ્યો હતો. જેથી પ્રવિણભાઈએ દુકાન પરથી રૂપીયા લઈ જવા માટે કહ્યુ હતું.

જેથી તેઓ બંને જણા રૂપીયા લેવા માટે આવ્યા હતા.તે સમયે ભાણીયાને ગાડીમાંથી રૂપીયા લઈ આવવા માટે કહ્યું હતું. ત્યારે અગાઉ કરેલા પ્લાનીંગ મુજબ વેપારીના સગા-સ્નેહીજનો, મિત્રો સહિતના વ્યકિતઓએ બે શખ્સોને પકડી પાડીને મેથીપાક ચખાડ્યો હતો. ત્યારબાદ પોલીસને હવાલે કરી દીધા હતા.જયારે પોલીસે અત્યાર સુધીમાં રૂ.૧૭ લાખ રીકવર કર્યા છે. આરોપીઓએ અમદાવાદ અને વિજયનગરમાં પૈસા આપ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ભારતીય જનતા પાર્ટી, સાંસ્કૃતિક સેલ દ્વારા આયોજિત કલા કમલમ્ ૨૦૨૩ લોક સાહિત્યકાર સ્વ. જીતુદાન ગઢવીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે લોક ગીતાંજલિ ડાયરો તથા કલાકાર સંમેલનનું શ્રી કમલમ્ પ્રદેશ કાર્યાલય, કોબા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારોએ સંસ્કૃતિની અદભુત વાતો સાથે સૂર - શબ્દ અને સંગીતના તાલે લોકસાહિત્ય પીરસ્યું હતું. આ વેળાએ કેન્દ્રીય મંત્રી પરષોતમ રૂપાલા જી, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્યઓ, પદાધિકારીઓ, તેમજ મોટી સંખ્યામાં કાર્યકરોઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા લોનમેળો યોજાશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત પોલીસ વિવિધ જિલ્લામાં લોનમેળાનું આયોજન કરાયું છે. ત્યારે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસવડા વડા તરૂણ દુગ્ગલની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આગામી તા.૧૪ ફેબુઆરીના રોજ સવારે ૯ થી ૫ કલાક સુધી લોન મેળાનું આયોજન સેકટર-૨૭ ડીએસપી કચેરી ખાતે કરવામાં આવ્યું છે.

પોલીસ તંત્ર દ્વારા તમામ સહકારી અને ખાનગી બેંકો સાથે મળી લોનમેળાનું આયોજન કરાયું છે. જે નાગરીકને લોનની જરુરીયાત હશે તેને પ્રધાનમંત્રી સ્વનિધી યોજના, બાજપાઈ બેંક યોજના, વડાપ્રધાન રોજગાર નિર્માણ, પર્સનલ લોન યોજના,માનવ કલ્યાણ યોજના, ઔધોગીક સહકારી મંડળી જયોતિગ્રામોધોગ વિકાસ યોજના અલગ અલગ યોજના હેઠળ લોન આપવામાં આવશે. નાગરીકોએ લોન માટે જરુરી આધારકાર્ડ, ગેસ બિલ, લાઈટ બિલ, બેંક ડીટેઈલ, સહિતના કાગળો સાથે લાવવાના રહેશે. જયારે ગરેકાયદેસર વ્યાજે પૈસા આપતા વ્યકિતઓથી દુર રહીને વ્યાજખોરીના ગુનાથી દુર રહીએ. નાની રકમની લોન મેળવવા ઈચ્છુક નાગરીકોએ ઓછામાં ઓછા જરુરી કાગળો સાથે લોન મેળામાં પધારવા માટે પોલીસ તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

સરકારી વિનયન કોલેજ ખાતે 'વસુધૈવ કુટુંબકમ્' પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૬

સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર ખાતે જી-૨૦ અને સમધારાની જ્ઞાનધારા અંતર્ગત તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ 'વસુધૈવ કુટુંબકમ્ અને ગાંધીવિચારની પ્રસ્તુતતા'' વિષયપર ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગના એસોસિએટ પ્રોફેસર અને ગાંધીનગર સમાચારમાં લાંબા સમયથી 'ગાંધીદર્શન' કોલમ લખનાર ડૉ. રાજેન્દ્રભાઈ જાનીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાઓએ

ગાંધીજીવનના વિવિધ પ્રસંગોને સાંકળી લઈને તેમાંથી પ્રગટ થતી એમની આગવી વ્યક્તિમત્તા અને વિશ્વબંધુતાની છણાવટ કરી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને ગાંધીજીના અગિયાર મહાવ્રતોના ગાનથી થયો હતો. મુખ્ય વક્તાનું શાબ્દિક સ્વાગત અને આવકાર સંસ્થાના આચાર્ય ડૉ. અનુપા ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતુ. મહેમાનોનો પરિચય જી-૨૦ના સંસ્થાના નોડલ ઓફિસર અને સમાજશાસ્ત્ર વિભાગના એસો. પ્રોફેસર ડૉ. ભાનુબહેન કાપડીયાએ આપ્યો હતો ને આભારવિધિ સમધારાના કો-કન્વીનર ડૉ. જોલી દેસાઈએ કરી હતી.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં જી-૨૦ અને સમધારાની જ્ઞાનધારાની સભ્યોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગના ડૉ. ભાવપ્રકાશ ગાંધીએ કર્યુ હતુ.

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ દ્વારા પલિયડમાં એનએસએસ શિબિર

ગાંધીનગર, તા. ૦૬

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ રાંધેજા દ્વારા પલિયડ મુકામે એનએસએસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંયોજક શ્રી ડો.રાજીવભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ તારીખ ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ગ્રંથાલય ના ડો.ભરતભાઈ પરમાર, ચિરાગભાઈ પરમાર અને બિનલબેન શ્રીમાળી દ્વારા ગાંધી વિચારોને આનુસંગિક પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં ગૂજરાત વિદ્યાપીઠ ના તથા પ્રાથમિક શાળાના સેવકો તથા વિદ્યાર્થીગણે મોટા પ્રમાણમાં પ્રદર્શન નિહાળ્યું હતું.

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા વર્લ્ડ કેન્સર ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અડાલજ દ્વારા વર્લ્ડ કેન્સર ડે ની ઉજવણી કરવામાં આવી હતી. તેના ભાગરૂપે "Tobacco & Smoking deaddiction campaign"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સેમેસ્ટર ૬ તથા સેમેસ્ટર ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઝુંબેશના ભાગરૂપે સંસ્થાના વિદ્યાર્થીઓને તારાપુર ગામમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં તેમણે એક રેલીનું આયોજન કર્યુ હતુ. તથા ગામમાં ઘરે ઘરે જઈને ત્યાના લોકોને તમાકુ તથા ધુમ્રપાનથી થતા નુકશાન અને કઈ રીતે તમાકુ તથા ધુમ્રપાનથી કેન્સર થઈ શકે છ એ? એ વિષે માહિતી આપી હતી. આ ઝુંબેશમાં આશરે ૧૪૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ ઝુંબેશનું સંકલન ડૉ. વિનય દરજી, ડૉ. અદિતિ બારિયા, ડૉ. જલ્પા સોની તથા મિ. અનુજ શ્રીવાસ્તવ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
મધુર ડેરી, "ક" રોડ, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪, ફોન : ૨૩૨ ૮૭૧૩૪ થી ૩૮

જમીન વેચાણ અંગેની ટેન્ડર નોટીસ

આ સાથે જણાવવાનું કે મોજે ગાંધીનગર NEW PLOT NO-E/1/1 (OLD PLOT NO-E/1 P-1, E-2+E-2/1) AREA 21700 SQM, ELECTRONICS ESTATE GIDC, SECTOR-26, TATA CHOKADI, GANDHINAGAR વાળી પ્રાઈમ લોકેશન પર આવેલ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મધુર ડેરી, ની સંપૂર્ણ માલિકી, કબજા ભોગવટા વાળી જમીન પૈકી બાંધકામ સિવાયની ૧૫,૦૦૦ ચો.મીટર ખુલ્લી જમીન વેચાણ કરવાની હોય, ખરીદવા ઈચ્છતિ પાર્ટીઓએ આ જમીનની વિગત અમારી વેબસાઈટ www.madhurdairy.org પરથી તા.૦૭-૦૨-૨૦૨૩ થી તા.૧૬-૦૨-૨૦૨૩ સુધી ડાઉનલોડ કરી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર તા. ૧૬-૦૨-૨૦૨૩ (બપોરના ૩:૦૦) સુધી રૂા.૨,૨૫,૦૦૦/- અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે સંઘના પરચેઝ વિભાગમાં સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

રસ ધરાવતી પાર્ટીઓએ વધુ માહિતી માટે અમારા અધિકારીનો સંપર્ક કરવો. ફોન નં. ૯૯૦૪૧૨૫૯૦૫ (ટેન્ડરમાં સંપૂર્ણ માહિતી દર્શાવેલ છે.) કોઈપણ કારણ દર્શાવ્યા વગર કોઈપણ ટેન્ડર મંજુર કરવું, અંશતઃ મંજુર કરવું, યા નામંજુર કરવું તેની સંપૂર્ણ સત્તા સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રીને રહેશે.

તા.૭-૦૨-૨૦૨૩ — મેનજીંગ ડિરેક્ટરશ્રી